# ભિલોડામાં ભાદરવા માસના અંતિમ દિને ધોધમાર વરસાદ

**નવરાત્રીના પ્રથમ ત્રણ દિવસ ભારે વરસાદનું સંકટ તોળાયું ● હાથમતી નદી, બુઢેલી નદી, ઈન્દ્રાસી નદી બે કાંઠે વહેતી થઈ ● ખેરંચા ગામ પાસે હાઈ-વે ઉપર તળાવ જેવા દ્દશ્યો ● ખેતરોમાં વરસાદી પાણી ભરાતા ખેડુતો ચિંતીત ● સાંબલેધાર વરસાદ વરસતા કૃષિ પાકોનું ભવિષ્ય અધ્ધરતાલ**



બુઢેલી નદી


હાથમતી નદી

ભિલોડા,તા.૨૮
અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં વાતાવરણમાં એકાએક પલટો આવતા શનિવારે વહેલી સવારથી એકધારો અનરાધાર વરસાદ શરૂ થઈ જતા જનજીવન પ્રભાવિત થઈ ગયું હતું. વહેલી સવાર થી જ સતત વરસાદ વરસતા શાળા, કોલેજો, નોકરી-ધંધા સાથે સંકળાયેલા લોકોને ઘરમાં પુરાઈ રહેવાનો વારો આવ્યો હતો. હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ વરસાદ વરસતા હજુ પણ આગાહી મુજબ વરસાદ અવિરતપણે ચાલુ રહેશે તો ખેડુતોની આર્થિક કમર તુટશે તેવી ભીતી સેવાઈ રહી છે. આગામી ચાર દિવસ સુધી અવિરત વરસાદની સંભાવના હોઈ ખેડુતો, વેપારીઓ, ધંધાર્થીઓ અને નોકરીયાત વર્ગ ભારે મુશ્કેલીમાં મુકાઈ શકે તેમ છે.

ગુજરાતીઓનો મનપસંદ તહેવાર એટલે નવરાત્રીના આગલા દિવસે પણ વરસાદ ચાલું રહ્યો છે ત્યારે આયોજકો અને ખેલૈયાઓ ભારે મુંઝવણમાં મુકાયા છે. આગાહી મુજબ વરવાદ વધુ આવે તો નવરાત્રીના રંગમાં ભંગ પડશે તેવો વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે.

સાર્વત્રીક મેઘ મહેર સામે મુશ્કેલી :- મેઘ મહેર દરમ્યાન ઠેર-ઠેર વરસાદી પાણી માર્ગો ઉપર ફરી વળતા કાદવ કિચડનું સામ્રાજ્ય વધી રહ્યું છે. મચ્છરોનો ઉપદ્રવ સામે અત્યારથી જ રોગચાળો ભરડો લઈ શકે તેવી સંભાવના છે. આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ભેજ વચ્ચે વરસાદી પાણીમાં કચરો ઠલવાઈ તો ગંદકી થઈ શકે સ્થાનિકોને આરોગ્ય બાબતે મુંઝવણ ઉભી થઈ શકે તેમ છે.ઉપરવાસમાં ભારે વરસાદથી નદીઓ વહેતી થઈ વહેલી સવારથી વરસાદ શરૂ થતા વિવિધ માર્ગો ઉપર વાહન વ્યવહાર અસરગ્રસ્ત હતો.હવામાન વિભાગની આગાહી મુજબ જો ૩ ઓકટોબર સુધી વરસાદી માહોલ યથાવત રહેશે તો નવરાત્રીનો માહોલ બગડશે ત્યારે નવરાત્રી મંડળોના આયોજકો અને ખેલૈયાઓ ભારે મુંઝવણમાં મુકાયા છે.

વીજળીના કડાકા,ભડાકા અને મેઘ ગર્જના સાથે ભારદવા માસના અંતિમ દિને સર્વપિતૃ શ્રાધ્ધના દિવસે વરસાદ સવારથી ઠેર-ઠેર વરસ્યો હોઈ જનજીવન અસરગ્રસ્ત હતું.ઉપરવાસમાં ભારે વરસાદને પગલે હાથમતી, બુઢેલી, ઈન્દ્રાસી, મેશ્વો નદી બે કાંઠે વહેતી થઈ હતી. વાંઘા-કોતરો, તળાવો, ચેકડેમો, ખેત તલાવડીઓ અને જળાશયોમાં ઠેર-ઠેર વરસાદી પાણી ભરાયા હતા.સીમ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતા ખેડુતો ચિંતાતુર છે. ખેતરોમાં ઠેર-ઠેર વરસાદી પાણી ભરાયા છે.

ભિલોડાના લાટી બજાર વિસ્તાર પાસે ઢીંચણસમા વરસાદી પાણી ભરાતા વાહન ચાલકો અને રાહદારીઓ હેરાન પરેશાન થઈ રહ્યા હતા.વર્ષોથી વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન હોવાના કારણે પ્રજાજનો ત્રાહિમામ છે.હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારોમાં ઠેર-ઠેર વરસાદી પાણી ભરાતા કાદવ, કિચડ અને અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય ફેલાતા માખી, મચ્છરોનો ઉપદ્રવ દિન-પ્રતિ-દિન વધતા રોગચાળો વધુ ફેલાય તેવી દહેશત સેવાઈ પરંતુ વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ચોમાસાની સિઝન દરમ્યાન જાણે કે કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોય તેમ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.ભિલોડા તાલુકા મથક ખાતે ઠેર-ઠેર માર્ગો બિસ્માર હાલતમાં હોઈ મસમોટા ગાબડાઓનું સામ્રાજય દિન-પ્રતિ-દિન વધતા વાહન ચાલકોની કમર તુટતી જાય છે.જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મીલી ભગતથી આચરવામાં આવેલ વ્યાપક ભ્રષ્ટાચારની પોલ મેઘરાજાએ ખોલી છે ત્યારે લાખ્ખો-કરોડો રૂપિયા વેડફાઈ ગયા હોય તેવો દ્દશ્યો ઠેર-ઠેર જોવા મળી રહ્યા છે.

ભિલોડામાં ધોધમાર વરસાદ વરસતા વરસાદી પાણી ભરાયા હતા ત્યારે ઈ. ચા. મામલતદાર સંજયભાઈ પટેલ,નાયબ મામલતદાર એસ.એન. ભગોરા, ભિલોડા ગ્રામ પંચાયત પુર્વ સરપંચ મનોજભાઈ પટેલ, કાંતીલાલ પટેલ,મનીષભાઈ પટેલએ વિવિધ સ્થળોએ નિરીક્ષણ કર્યુ જરૂરી સુચનો આપ્યા હતા.હાથમતી નદી અને બુઢેલી નદી બે કાંઠે વહેતાં નદી કિનારે વધામણાં કર્યા હતા.






ભિલોડા-શામળાજી-ઈડર-વિજયનગર-હિંમતનગરને જોડતો મુખ્ય ધોરીમાર્ગ ઉપરથી હાથમતી નદી અને બુઢેલી નદી પસાર થાય છે.ઉપરવાસમાં જ્યારે જ્યારે ભારેથી અતિભારે વરસાદ આવે ત્યારે બંન્ને નદીઓ બે કાંઠે વહેતી હોય છે. વર્ષો જુનો બ્રીજ જર્જરીત અવસ્થામાં હોઈ ભવિષ્યમાં ધારાશાઈ થાય તો વાહન વ્યવહાર ખોરવાઈ તેવી સંભાવના હોઈ સત્વરે નવિન બ્રીજ બનાવવામાં આવે તેવી પ્રજાજનોની પ્રબળ લોક માંગણી છે.

શામળાજી પાસે આવેલ વાંદીયોલ ગામ પાસેથી પસાર થતી મેશ્વો નદી બે કાંઠે વહેતા આજુ-બાજુના ગામડાઓનો સંપર્ક કપાયો હતો. વાંદીયોલ ગામના રાહુલભાઈ ગામેતીના જણાવ્યા મુજબ મેશ્વો નદી ઉપર બ્રીજ સત્વરે બનાવવા વારંવાર રજુઆતો કરી હોવા છતા બ્રીજ બનતો નથી ? ભર ચોમાસે ભારે હાલાકીનો સામનો પ્રજાજનોને કરવો પડે છે ત્યારે વાંદીયોલ પંથકની વર્ષો જુની સમસ્યા હલ કરવા લોકમાંગણી ઉઠવા પામી છે.

## મા ભોમની રક્ષા માટે સી.આર.પી.એફ.માં ફરજ બજાવતાં યુવાન શહીદ થતા ગામ હીબકે ચઢ્યું

વડગામ, તા. ૨૮
વડગામ તાલુકાના ભાંગરોડીયા ગામનો યુવાન સી.આર.પી.એફ. બટાલીયનમાં ફરજ બજાવતો હતો. જે નાગપુરમાં માર્ગ અકસ્માતમાં શહીદ થતાં માદરે વતનમાં ગમગીની છવાઈ હતી. જેની ડેડ બોડીને માદરે વતન લવાતાં ગામ આખુય હીબકે ચઢ્યું હતું.



ભાંગરોડીયામાં શહીદ થયેલા યુવકનાં ભાઈ રાજેશભાઈ પાસેથી મળતી વિગતો મુજબ ફલજીભાઈ સરદારભાઈ પટેલ ઉ.વ.આશરે ૩૨ જેઓ છેલ્લા આશરે ૧૧ વર્ષથી સી.આર.પી.એફ. બટાલીયનમાં ફરજ બજાવતા હતા. જેઓને મહારાષ્ટ્રના નાગપુર ખાતે પૂર્વ કેન્દ્રીય મંત્રી હંસરાજભાઈ આહીરના કાફલા સાથે હતા તે સમયે રસ્તામાં ડમ્પર અને સી.આર.પી.એફ.ની.ગાડી વચ્ચે અકસ્માત સર્જાતા આગળ બેઠેલા ફલજીભાઈ પટેલ માર્ગ અકસ્માતમાં શહીદ થયા હતા. આ અંગેની જાણ તેમના કુટુંબીજનોને કરાતા કુટુંબીજનો ઉપર આભ ટુટી પડ્યું હતું. અને ગામમાં પણ હાહાકાર મચી ગયો હતો. મા ભોમની રક્ષા કરનાર સૈનીક શહીદ થતાં સૈનીકોના કાફલા સાથે શહીદ ફલજીભાઈ પટેલની ડેડબોડીને માદરે વતન લવાતાં ગામ સહીત આસપાસના લોકો મોટી સંખ્યામાં ભાંગરોડીયા દોડી આવ્યા હતા.



ફલજીભાઈની અંતીમયાત્રા મગરવાડા માણીભદ્ર વિર મંદિરના ગાદીપતિ યતિ વિજય સોમજી માહારાજ, મગરવાડાના સરપંચ પ્રકાશસિંહ સોલંકી, જિલ્લા પંચાયતના સદસ્ય અશ્વિન સક્સેના, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય બાલકૃષ્ણ જીરાલા તથા નિવૃત મામલતદાર કોમરાજભાઈ ઉપલાણા સહીત સગાં સંબંધીઓ ગામના તમામ સમાજ સાથે લઘુમતી સમાજના લોકો પણ અંતીમયાત્રા માં જોડાયા હતા. ફલજીભાઈ અમર રહોના નારાથી ગામની ગલીઓ ગુંજી ઉઠી હતી. ગામમાં કોમી એખલાસના દ્રશ્યો જોવા મળ્યા હતા. સ્માશાનમા ગાર્ડ ઓફ ઓનર સાથે અંતીમ ક્રીયા કરાઈ હતી.

સરદારભાઈ પટેલને ત્રણ પુત્રો હતા જેમાં મોટો પુત્ર દિનેશભાઈ તેમજ બીજા નંબરે ફલજીભાઈ અને નાનો રાજેશભાઈ છે. ફલજીભાઈના લગ્ન પણ થયા ન હતાં માત્ર તેમના સગપણ જ નક્કી કરાયાનું તેમના નાના ભાઈ રાજેશે જણાવ્યું હતું. ઘરના કુટુંબની જવાબદારી ફલજીભાઈ નીભાવતા હતા કુટુંબીજનો શોકાતુર બની ગયા હતા.

## વરસાદી માહોલને લીધે ખેલૈયાઓ વિમાસણમાં

હિંમતનગર, તા. ૨૮
મા અંબાની આરાધના કરવા માટે દર વર્ષે સાબરકાંઠા સહીત સમગ્ર ગુજરાતમાં ઉજવાતા નવરાત્રી પર્વને શક્તિની ભક્તિ અને આરાધનાના પર્વ તરીકે ઓળખવામાં આવે છે. ત્યારે રવિવારથી શરૂ થતી નવરાત્રીના પ્રારંભ પૂર્વ શનિવારે વરસાદી માહોલ હોવા છતાં જિલ્લાના અનેક સ્થળે નવરાત્રીની ઉજવણીની આખરી તૈયારીઓને પૂર્ણ કરી દેવામાં આવી હતી. પરંતુ ગરબાના આયોજકો વરસાદ માહોલને લઈને વિમાસણમાં મુકાઈ ગયા છે. શનિવારે સતત ચાલુ રહેલા વરસાદને લીધે આ વર્ષે નવરાત્રી ખેલૈયાઓ માટે વિલનરૂપ સાબિત થાય તેવી શક્યતા જણાઈ રહી છે.

નવરાત્રીની ઉજવણીના ભાગરૂપે હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે પોલીસતંત્રના સહયોગથી વિશાળ સમિયાણો બનાવાયો છે. તથા નવરાત્રીના નવ દિવસ માટે પોલીસ ગ્રાઉન્ડમાં ખેલૈયાઓ સાથે નામાંકિત કલાકારોને પણ બોલાવાયા છે. સાથોસાથ નવરાત્રીનું પર્વ આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવાય તે માટે પોલીસતંત્રએ બંદોબસ્તની વિશેષ વ્યવસ્થા ગોઠવી દીધી છે.



નવરાત્રીની ઉજવણી માટે હિંમતનગરના મહાવીરનગર, ખાડીયા ચોક, મહાકાલી મંદિર, છાપરીયા, મોતીપુરા અને મહેતાપુરા સહીતના અન્ય સ્થળે ગત વર્ષની જેમ આ વર્ષે પણ ખેલૈયાઓ સતત નવ દિવસ સુધી ગરબે ઘુમશે તે ઉપરાંત છાપરીયા વિસ્તારમાં આવેલ મહાકાલી મંદિરમાં છેલ્લા ૬૦ વર્ષથી ઉજવાતા નવરાત્રી પર્વની પણ આ વર્ષે રંગેચંગે ઉજવણી થશે. ગરબાના આયોજકો દ્વારા હડીયોલપુર છાપરીયા ખાતે મહાકાલી મંદિરમાં આરાસુરી માતાજીની પ્રતિકૃતિ તથા મહાકાલી માતા અને રાક્ષસના વધની પ્રતિકૃતિ મુકવાનુ નક્કી કરાયુ છે. નવ દિવસ સુધી ચાલનારા આ પર્વ દરમ્યાન દરરોજ માતાજીની આરતી તથા ગરબાની રમઝટ જામશે. સાથોસાથ હડીયોલપુલ છાપરીયા વિસ્તારમાં આવેલ પ્રજાપતિ વાસમાં પરીવારો દ્વારા શેરી ગરબાના પ્રતિક તરીકે ઓળખાતા માટીના રંગબેરંગી ગરબાનુ ધુમ વેચાણ કરાઈ રહ્યુ છે. તે માઈભક્તોમાં આકર્ષણનુ કેન્દ્ર બન્યા છે. પ્રાંતિજ, તલોદ, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીનાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ નવરાત્રીની રંગેચંગે ઉજવણી કરાશે. જોકે રવિવારે નવરાત્રીનો પ્રથમ દિવસ હોવાથી અનેક માઈ ભક્તો અને ગરબાના આયોજકો તથા નવરાત્રી મંડળો દ્વારા ઘટસ્થાપન કરાવામાં આવશે.

શનિવારે પ્રાંતિજ અને તલોદ તાલુકામાં બપોર બાદ પડેલા ભારે વરસાદને લીધે તલોદ તાલુકાના ઘડી ગામે નવરાત્રી ચોકમાં ઢીંચણસમા પાણી ભરાઈ ગયા હતા. જેથી ગામના યુવકો આ પાણીના નિકાલ માટે શુ વ્યવસ્થા કરવી તેની વિમાસણમાં મુકાઈ ગયા હતા. હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ નવરાત્રીના પ્રથમ ત્રણ દિવસ સુધી સાબરકાંઠામાં મધ્યમથી ભારે વરસાદ પડવાની આગાહી કરી છે જેના લીધે ખેલૈયાઓ માટે ત્રણ દિવસ સુધી વરસાદ વિલન બને તેવી દહેશત લઈને મનોમન નિરૂત્સાહ બની ગયા છે.

## ખેડબ્રહ્મા તાલુકાના મેત્રાલ પાસે દારૂ સાથે એક ઝડપાયો

ખેડબ્રહ્મા તાલુકાના નવી મેત્રાલ પાસે એલસીબી પોલીસે પેટ્રોલિંગ દરમ્યાન એક ઈસમને ઈંગ્લીશ દારૂ સાથે ઝડપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

શનિવારના રોજ એલસીબી પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે રાજસ્થાન તરફથી એક સફેદ કાર ઈંગલોશ દારૂ ભરી મટોડા તરફથી આવી રહી છે. જે આધારે મેત્રાલ પાસે વોચ ગોઠવી નાકાબન્ધી કરી હતી તે સમયે બાતમી વળી કાર જી.જે.૦૧ એચ એલ ૦૦૦૮ વળી કારને ઉભી રાખવતા પાછળ ડીકીમાં દારૂ ૪૦૮ બોટલ કિંમત રૂપીયા ૪૦૮૦૦ ભરેલ હતો જેથી ઈસમની પૂછ પરછ કરતા પોતાનું નામ રવિભાઈ પોપટભાઈ લુહાર રહે.ચાંદખેડા, ગાયત્રી નગર, અમદાવાદ નો જેની પાસે મોબાઈલ ૫૦૦ તથા કાર ૨ લાખ મલી કુલ ૨૪૧૩૦૦ ના મુદામાલ સાથે પકડાઈ ગસયેલ જેને અમદાવાદના નરેન્દ્રભાઈ નારશીભાઈ પરમાર રહે. મોચીપાડ, અમદાવાદને કાર આપી હોઈ બંને વિરુદ્ધ ફરિયાદ નોંધી હતી.

## સતત વરસાદને પગલે અરવલ્લીમાં ખેલૈયાઓ અને આયોજકો મૂંઝવણમાં

મોડાસા, તા. ૨૮
ઉત્તર ગુજરાતમાં વરસાદ નવરાત્રીની રંગતાળીમાં ભંગ પાડી શકે છે. ત્યારે આયોજકો મૂંજવણમાં મુકાઈ ગયા છે. અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે દિવસથી ધીમીધારે વરસાદથી નવરાત્રી ચોકમાં પાણી ભરાયેલા છે તો ક્યાં કાદવ-કીચડ જોવા મળી રહ્યો છે.



અરવલ્લી જિલ્લાના માલપુર, મોડાસા, મેઘરજ, બાયડ, ધનસુરા અને ભિલોડામાં નવરાત્રીનું ભવ્ય આયોજન કરાય છે, જો કે મેઘરાજા રંગતાળીમાં હાથ તાળી તો નહીં આપે ને ચિંતા આયોજકોમાં છવાયેલી જોવા મળી રહી છે. પણ ખેલૈયાઓનો જુસ્સો જોતા આયોજકો મક્કમ મનોબળ સાથે આગળ વધી રહ્યા છે. તહેવાર સમયે કોઈપણ પરિસ્થિતિ હોય પણ કાયદો વ્યવસ્થા જાળવવા માટે પોલિસતંત્ર હંમેશા તત્પર રહે છે, ત્યારે આ વર્ષે વરસાદના વિઘ્ન વચ્ચે પણ અરવલ્લી જિલ્લા પોલિસતંત્ર લોકોની સુરક્ષા માટે તૈયાર છે. ખાસ કરીને મહિલાઓની સુરક્ષા માટે તેમજ ચોરી અને નાની મોટી ઘટનાઓ ન ઘટે તે માટે નવરાત્રી સ્થળ તેમજ પાંકિંગ વિસ્તારમાં સીસીટીવી લગાવવા માટે આયોજકોને તાકિદ કરેલા છે. કોઈપણ પરિસ્થિતિમાં હેલ્પલાઈન ૧૦૦ નંબર પર જાણ કરવા અરવલ્લી જિલ્લા ડીવાયએસપી ફાલ્ગુનીબહેન પટેલે જણાવ્યું છે.

## હિંમતનગરમાં ઓલ ગુજરાત કરાટે ચેમ્પીયનશીપ સ્પર્ધાનો પ્રારંભ




સાબરકાંઠા કરાટે એસોસીએશનના સહયોગથી હિંમતનગરના સાબર સ્ટેડીયમમાં શનિવારથી રવિવાર સુધી ચાલનારી બે દિવસીય ઓલ ગુજરાત કરાટે ચેમ્પીયનશીપ-૨૦૧૯નો ધારાસભ્યની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાયો હતો. જેમાં આઠથી અઢાર વર્ષની વયના અંદાજે ૭૫૦થી વધુ ખેલાડીઓએ ભાગ લઈને હિંમતનગરના સાબર સ્ટેડીયમને કોલાહલથી ગજવી દીધુ હતુ.



આ અંગે સાબરકાંઠા કરાટે એસોસિએશનના પ્રમુખ ગોપાલસિંહ રાઠોડ તથા કોચ જુજારસિંહના જણાવાયા મુજબ હિંમતનગરના સાબર સ્ટેડીયમ ખાતે યોજાનારી ઓલ ગુજરાત કરાટે ચેમ્પીયનશીપ સ્પર્ધાનો શનિવારે પ્રારંભ કરાયો હતો. જેમાં હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ સ્પર્ધાને ખુલ્લી મુકી હતી. આ પ્રસંગે નાના બાળકોએ કરાટેના દાવ કરી ઉપસ્થિત લોકને દિગ્મુઢ બનાવી દીધા હતા. બે દિવસીય આ સ્પર્ધામાં ૨૪ જિલ્લાના ૭૫૦ થી વધુ પુરૂષ અને મહીલા ખેલાડીઓએ ભાગ લીધો છે.

ઓલ ગુજરાત કરાટે ચેમ્પીયનશીપ સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓ અને તેમના કોચ માટે સાબરકાંઠા કરાટે એસોસિએશન દ્વારા સ્પોર્ટસ સંકુલમાં આવેલ હોસ્ટેલમાં રહેવા, જમવા અને નાસ્તાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

## વરસાદે સાબરકાંઠાને ઘમરોળ્યુ પોશીનામાં ત્રણ ઈંચ વરસાદ

હિંમતનગર, તા. ૨૮
સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે ચોમાસુ સંતોષકારક રહ્યુ છે. પરંતુ સપ્ટેમ્બરના અંત સુધી સતત વરસાદ ચાલુ રહેવાને કારણે ચોમાસુ પાક નિષ્ફળ જવાની ભીતી ઉભી થઈ છે. ત્યારે છેલ્લા ચોવીસ કલાકમાં મેઘરાજાએ સમગ્ર સાબરકાંઠા જિલ્લાને ઘમરોળી દીધુ હોય તેમ હિંમતનગર સહિત પોશીના, વિજયનગર અને અન્ય તાલુકાઓમાં સતત વરસી રહેલા વરસાદને કારણે રવિવારથી શરૂ થતી નવરાત્રીમાં મેઘરાજા વિક્ષેપ ઉભો કરે તેવી શક્યતા જણાઈ રહી છે. દરમિયાન પોશીના પંથકમાં અંદાજે ત્રણ ઈંચ, વિજયનગરમાં દોઢ અને ખેડબ્રહ્મા પંથકમાં એક ઈંચથી વધુ વરસાદ પડતા કપાસ સહિતના અન્ય પાકો નિષ્ફળ જવાની ભીતીથી ખેડૂતો ચિંતાતૂર બની ગયા છે.

ડિઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા ૨૪ કલાક દરમિયાન સાબરકાંઠા જિલ્લામાં વાતાવરણમાં આવેલા પલ્ટાના પરીણામે પોશીના પંથકમાં શનિવારે સવાર સુધીમાં અંદાજે ૭૬ મી.મી. વરસાદ પડતા તાલુકાના મોટા તળાવો અને વાઘાઓમાં નવા નીર આવ્યા હતા જેથી આ વિસ્તારના ખેડૂતો માટે અત્યારે પડી રહેલા વરસાદ શીયાળુ પાક માટે ફાયદારૂપ રહેશે તો બીજી તરફ વિજયનગર અને આસપાસના વિસ્તારોમાં અંદાજે ૨૯ મી.મી. વરસાદ પડતા આ વિસ્તારના ડુંગરો પર લીલોતરી પથરાઈ જતા વાતાવરણ ખુબજ આહલાદક બની ગયુ છે.

## બનાસકાંઠા ધાણધાર વણકર સામાજ પરિચય પુસ્તિકાનું વિમોચન

પાલનપુર, તા. ૨૮
પાલનપુર કાનુભાઈ મહેતા હોલ ખાતે વણકર સમાજની પરિચય પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

બનાસકાંઠામાં વસતા ધાણધાર વણકર સમાજના લોકોથી પરીચય વધે અને સામાજીક પ્રસંગોમાં ઉપયોગી બની શકે તે માટે પાલનપુરમાં વસતા અને નિવૃત બ્લોક હેલ્થ ઓફીસર બી.ડી. બસવેચા દ્વારા સમાજના તમામ લોકોની એક પરિચય પુસ્તિકા તૈયાર કરવામાં આવી હતી. જેમાં સમાજના તમામ વ્યક્તિની ડીટેલ પ્રસિધ્ધ કરવામાં આવી હતી. જેનું પાલનપુર કાનુભાઈ મહેતા હોલ ખાતે બનાસકાંઠા સાંસદ પરબતભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સમાજની પરીચય પુસ્તીકાનું વિમોચન કરવામાં આવ્યુ હતુ. તેમજ પુસ્તક તૈયાર કરનાર બી.ડી. બસવેચાનું મહેમાનો દ્વારા સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતુ.